# સુરત મહાનગરપાલિકા

## :: જાહેરાત ::

સુરત મહાનગરપાલિકા યુસીડી વિભાગ દ્વારા અમલીકૃત મહિલાલક્ષી યોજનાઓ હેઠળ રચાયેલ હાલ કાર્યરત જૂથ અને તેના સભ્યો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુના વેચાણ માટે 'નવરાત્રી મેળા-૨૦૨૧'નું સાયન્સ સેન્ટર, સીટી લાઈટ રોડ, સુરત ખાતે આયોજન કરવાનું નક્કી કરેલ છે. જેથી સ્ટોલ મેળવવા રસ ધરાવતા હાલ કાર્યરત જૂથ / સભ્યને તા.૦૨/૦૯/૨૦૨૧ થી તા.૧૭/૦૯/૨૦૨૧ સુધીમાં રવિવાર અને જાહેર રજા સિવાયના દિવસે સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ કલાક દરમ્યાન નિયત ફોર્મમાં યુસીડી કચેરી ખાતે અરજી કરવા જણાવવામાં આવે છે. નિર્ધારીત સ્ટોલની સંખ્યા કરતા જૂથ / સભ્યો તરફથી વધુ અરજીઓ મળશે તો ડ્રો પધ્ધતિથી સ્ટોલની ફાળવણી કરવામાં આવશે.

આસી. કમિશનર અને
ઈ.ચા.ડે.કમિશનર
સુરત મહાનગરપાલિકા

પી.આર.ઓ.નં./૧૪૨૧/૨૦૨૧-૨૨
તા.૦૧/૦૯/૨૦૨૧

**વધુ માહિતી તથા અરજી માટે સંપર્ક કરો.**
**યુસીડી વિભાગ, રાયકા સર્કલ, મહાલક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝ સોસાયટી પાસે, ઉધના, સુરત**

# સુરત મહાનગરપાલિકા

## યુસીડી વિભાગ

## "નવરાત્રી મેળા-૨૦૨૧"

અહી ફોટો લગાવવો

તા.૦૫/૧૦/૨૦૨૧ થી તા.૧૨/૧૦/૨૦૨૧

**:: અરજી ફોર્મ ::**

**સ્થળ : સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, મહેશ્વરી ભવનની બાજુમાં, સુરત**

(૧) સ્વ-સહાય જૂથ/સખી મંડળ/ALF/CLF/JLEGSનું નામ:-

..................................................................................................................................................

(૨) નવરાત્રી મેળામા ભાગ લેનાર અરજદાર જૂથ/સભ્યનું નામ ..........................................................................

(૩) સરનામું :-...........................................................................................................................

..................................................................................................................................................

..................................................................................................................................................

(૪) વોર્ડ નં. .......................................ઝોન..............................................................................................

(૫) સંપર્ક નંબર :-...........................................................................................................................

(૬) જુથનો નોધણી નંબર :- ...........................................નોધણી તારીખ ................................................

(૭) સ્ટોલમા વેચાણ/પ્રદર્શન માટેની ચીજવસ્તુઓની વિગત ..............................................................................

..................................................................................................................................................

**ફોર્મ સાથે રજુ કરવાના પુરાવાની વિગત.**

(૧) જુથનું નોધણી પ્રમાણપત્ર.

(૨) જૂથ બેંક પાસબુક/સ્ટેટમેન્ટની અપડેટેડ સ્વપ્રમાણિત નકલ. (બચત અને ધિરાણ લીધેલ હોય તો નિયમિત ભરપાઈ અંગેની વિગત

(૩) નવરાત્રી મેળા અંગેના નીતિનિયમ પાલન અંગેનું બાહેંધરી પત્રક

જૂથ હોદ્દેદારોની સહી અને સિક્કો

અરજદારની સહી

પ્રમુખ

મંત્રી

ખજાનચી

SWACHH SURVEKSHAN ULB CODE 802629 2021 | SBM WATER+ | INDIA'S 2nd CLEANEST CITY | 5 STAR GARBAGE FREE CITY | SURAT MUNICIPAL CORPORATION

**સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાનાર નવરાત્રી મેળા - ૨૦૨૧ માં ભાગ લેવા બાબતે જૂથ/સભ્યોની પાત્રતા તથા સ્ટોલ મેળવનાર લાભાર્થીએ અમલ કરવાના નીતિ-નિયમો તથા તેના પાલન અંગેનું**

# બાહેંધરી પત્રક

(૧) એક સખીમંડળ/ સ્વ-સહાય જૂથ/ JLESG દીઠ એક જ સ્ટોલ ફાળવવામાં આવશે.

(૨) સ્વ-સહાય જૂથ/ALF/CLFની સુરત મહાનગરપાલિકાના યુસીડી વિભાગમાં નોધણી થયેલ અને જૂથ હાલ કાર્યરત હોવું જોઈએ. (૧) DAY-NULM / મિશન મંગલમ (અર્બન) અંતર્ગતના જૂથ દ્વારા છેલ્લા છ માસ દરમ્યાન નિયમિત બચત કર્યા અંગે પુરાવારૂપે બેંક પાસબુક/સ્ટેટમેન્ટની નકલ જોડવાની રહેશે. (૨) મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ રચાયેલ JLESG દ્વારા જમા બચત અને મેળવેલ લોનના પુરાવા રૂપે જૂથના સેવિંગ એકાઉન્ટનું સ્ટેટમેન્ટ રજુ કરવાનું રહેશે. (૩) છેલ્લા છ માસથી ઓછા સમયમાં રચાયેલ સ્વસહાય જૂથની રચનાથી નિયમિત બચત કર્યા અંગેની બેંક પાસબુક/સ્ટેટમેન્ટની નકલ જોડવાની રહેશે.

(૩) નિયમોનુસાર જે સ્ટોલ ફાળવવામાં આવશે તે જૂથને /સભ્યને માન્ય રાખવાનું રહેશે.જે અંગે કોઈ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૪) ફાળવેલ સ્ટોલનો હવાલો અન્ય કોઈને બારોબાર સોંપી શકાશે નહી.

(૫) નવરાત્રી મેળામાં સુરત મહાનગરપાલિકા ધ્વારા જણાવ્યા મુજબના સમયગાળા અનુસાર સ્ટોલ ચાલુ અને બંધ કરવાનો રહેશે.

(૬) મેળામા ભાગ લેનાર અન્ય સ્ટોલના સભ્યો તથા આવનાર ગ્રાહકો સાથે કોઈપણ પ્રકારની તકરાર કરવી નહી.

(૭) મેળાના સફળ આયોજન માટે વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા આપવામાં આવનાર તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) સુરત મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવી કોઈપણ પ્રકારની વર્તુણક કરવી નહી.

(૯) મેળામા માલ-સામાનની સાચવણીની જવાબદારી જે તે સ્ટોલ ધારકની રહેશે.

(૧૦) માલ -સામાનનું ડિસ્પ્લે સ્ટોલની બહાર કે અન્ય સ્ટોલ ધારક કે જાહેર જનતાને અડચણ ઉભી થાય તેમ કરી શકાશે નહી.

(૧૧) સ્ટોલમાં /મેળાના સ્થળે જવલનશીલ પદાર્થ રાખી શકાશે નહી.

(૧૨) સ્વ-સહાય જૂથ/સખીમંડળ માંથી જો કોઈ એક લાભાર્થી જ સ્ટોલની માંગણી કરશે તો તે લાભાર્થીએ સ્વ સહાય જૂથના નિયુક્ત તમામ હોદેદ્દારોની સહમતી મેળવી ફોર્મ રજુ કરવાનું રહેશે.

(૧૩) મેળા દરમ્યાન થયેલ દૈનિક વેચાણની વિગત યુસીડી વિભાગ સુરત મહાનગરપાલિકાને જણાવવાની રહેશે.

(૧૪) અનિવાર્ય સંજોગોમાં મેળાના સ્થળમાં ફેરફાર થાય / મેળાનું આયોજન સ્થગિત રાખવામાં આવે તો જૂથ/સભ્યોએ તે માન્ય રાખવાનું રહેશે.

(૧૫) મેળાના સ્થળે સ્ટોલ ધારકની ગ્રાહક/અન્ય વ્યક્તિ સાથે થતા ઘર્ષણને કારણે ઉભી થતી કાયદાકીય કાર્યવાહીની સમગ્ર જવાબદારી સ્ટોલ ધારકની રહેશે.

(૧૬) કુદરતી/આકસ્મિક ઘટનામાં સ્ટોલ ધારક કે તેઓના થયેલ નુકશાનની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

(૧૭) નવરાત્રી મેળામાં વેચાણ કરવામાં આવનાર વસ્તુના સંદર્ભમાં જે તે ઓથોરીટી પાસે મંજુરી/પરવાનગી મેળવવાની જવાબદારી સ્ટોલ ધારકની રહેશે.

(૧૮) અયોગ્ય વર્તુણક/ નિયમભંગના સંજોગોમાં મહાનગરપાલિકા તાત્કાલિક ધોરણે આપેલ સ્ટોલ પરત મેળવી અન્યને ફાળવી શકશે. આ અંગે કોઈ તકરાર માન્ય રહેશે નહિ.

(૧૯) ફાળવેલ સ્ટોલ/જગ્યાના સ્થળે મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવેલ તમામ સુવિધા જેવી કે પંખા, લાઈટ, સ્ટોલ વગેરેનું નુકશાન ન થાય તેની તકેદારી સ્ટોલ ધારકે રાખવાની રહેશે.

(૨૦) સ્ટોલની સંખ્યા કરતા વધુ અરજીના સંજોગોમાં સ્ટોલની ફાળવણી ડ્રો પધ્ધતિથી કરવામાં આવશે આ રીતે કરેલ ફાળવણી તમામ જૂથ/સભ્યએ માન્ય રાખવાની રહેશે.

(૨૧) મેળાના આયોજનના નક્કી થયેલ સ્થળો મુજબ જ્યાં પણ સ્ટોલ ફાળવવામાં આવે તે સ્થળેથી સ્ટોલ મેળવનારે વેચાણ પ્રવૃત્તિ કરવાની રહેશે.

(૨૨) સંજોગોવસાત ફાળવેલ સ્ટોલનો કબજો સ્ટોલ ધારક મેળવવા માંગતા ન હોય ત્યારે ખાલી પડેલ સ્ટોલ વેઇટિંગમા આવતા લાભાર્થીને ક્રમાનુસાર ફાળવવામાં આવશે.

(૨૩) સ્ટોલની સાફ-સફાઈની જવાબદારી જે તે સ્ટોલ ધારકની રહેશે.

(૨૪) સ્ટોલ મેળવનાર જૂથ/સભ્યએ કોરોના અંગે સરકારશ્રી દ્વારા નિર્ધારિત કરેલ માર્ગદર્શિકાનું પાલન ચુસ્તપણે કરવાનું રહેશે તેમજ સ્ટોલ પર ખરીદી કરવા આવનાર ગ્રાહકને પણ પાલન કરવા જણાવવાનું રહેશે.

ઉપરોકત તમામ નિયમ- સૂચનાઓ તથા મહાનગરપાલિકાના જે તે અધિકારી/કર્મચારી દ્વારા સંચાલન સંબંધી જે સુચના આપવામાં આવે તેનું પાલન કરવાની ખાતરી આપીએ છીએ અને તે અમોને બંધનકર્તા રહેશે.

જૂથ હોદ્દેદારોની સહી અને સિક્કો　　　　　　　　　　　　અરજદારની સહી

પ્રમુખ

મંત્રી

ખજાનચી